

ગાંધીનગર સમાચાર



# શહેરમાં તોફાની પવન સાથે વરસાદ

## વહેલી સવારે ફુંકાયેલા જોરદાર પવનને કારણે શહેરમાં ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી : છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં પાંચ ઇંચ વરસાદ પડ્યો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. આકાશ વાદળોથી સતત ઘેરાયેલુ છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં વધુ પાંચ ઈંચ જેટલો વરસાદ પડતા સીઝનનો કુલ વરસાદ ૨૦ ઈંચ સુધી પહોંચી ગયો છે. બે દિવસ ધીમી ધારે વરસાદ પડ્યો. આજે વરસાદે જોરદાર પવન સાથે તોફાની બેટીંગ કરી હતી જેના કારણે શહેરમાં ઠેર ઠેર વૃક્ષો પડી ગયા હતા.

બીજા રાઉન્ડમાં ધમાકેદાર એન્ટ્રી મારનાર મેઘરાજા અનરાધાર વરસી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. આજે સવારે તોફાની પવન સાથે ધોધમાર વરસાદે તેનુ રૌદ્રરૂપ બતાવ્યું હતું. જોરદાર પવન ફુંકાતા શહેરમાં ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. મુખ્ય માર્ગો પર વૃક્ષો પડતા ઠેર ઠેર ટ્રાફીક જામના દૃશ્યો સર્જાયા હતા. ટ્રાફીકને ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી. સવારથી જ ધોધમાર વરસાદ વરસવો શરૂ થયો હતો જે છેક બપોર સુધી ચાલુ રહ્યો હતો. બપોર બાદ વરસાદ અને પવન બંનેની ગતિ ધીમી પડી હતી. જો કે સાંજે પુનઃ ધીમીધારે વરસાદ વરસવો શરૂ થયો હતો.

પવન, વરસાદ અને ભેજના કારણે શહેરનું વાતાવરણ હીલસ્ટેશન જેવુ બની ગયુ હતુ. કાલે સાંજે ૫ થી આજે સવારે ૮ વાગ્યા સુધી ૭૨ મી.મી. અને સવારે ૮ થી સાંજે ૫ દરમ્યાન વધુ ૫૬ મી.મી. થઈ શહેરમાં કુલ વરસાદ ૧૨૮ મી.મી. નોંધાયો હતો. આ સાથે સીઝનનો કુલ વરસાદ ૫૦૩ મી.મી. એટલે કે ૨૦ ઈંચ જેટલો નોંધાયો છે. વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન લગભગ એક સમાન બની ગયું છે. મહત્તમ તાપમાન ૨૫.૦ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૪.૦ ડિ.સે. નોંધાયું હતું.

# સેક્ટર-૧નું તળાવ પ્રથમવાર છલકાયું

ગાંધીનગર, તા. ૨૮

શહેરના પ્રવેશ દ્વારે બનાવાયેલ સેક્ટર-૧ના તળાવનું સૌંદર્ય આ ચોમાસે પૂર્ણપણે ખીલી ઉઠ્યું છે. છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા ધોધમાર વરસાદને પરિણામે સેક્ટર-૧નું તળાવ છલકાઈ ગયું છે. તળાવ પૂર્ણપણે ભરાઈ જતાં વધારાના પાણીનો સાબરમતી નદી મારફતે નિકાલ થયો હતો.

ચોમાસા દરમ્યાન ગાંધીનગર શહેરમાં પાણી ન ભરાય તે માટે સમગ્ર શહેરમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન નાંખવામાં આવી છે. જેનું પાણી સેક્ટર-૧માં બનાવાયેલા તળાવમાં એકત્ર થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં પડી રહેલા નોંધપાત્ર વરસાદને કારણે આજે બપોરે સેક્ટર-૧નું તળાવ સંપુર્ણપણે ભરાઈ ગયું હતું. તળાવ છલકાતા શહેરીજનો તળાવના કાંઠે ઉમટી પડ્યા હતા. મોડી સાંજ સુધી તળાવના કાંઠે મુલાકાતીઓની ભીડ જોવા મળી હતી. પ્રથમવાર નગરનું તળાવ ભરાતા શહેરીજનો આનંદિત થઈ ઉઠ્યા હતા.

## @ ગાંધીનગર...

- ગાંધીનગર મીડિયા ફેડરેશનની બેઠક સેક્ટર-૨૧ વિશ્રામગૃહ ખાતે સવારે ૧૧.૩૦ વાગે યોજાશે.
- વૈજનાથ મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો મધુબેન મોદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૭૯૨ પંચશીલ સોસાયટી સે-૨૧ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાકે યોજાશે.

**- દિલીપ પ્રજાપતિ**
9725647197

## શહેરના જાણીતા ઉદ્યાગપતિ એન.પી. પટેલનો આજે જન્મદિવસ



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના જાણીતા ઉદ્યોગપતિ શ્રી એન.પી. પટેલ આજે ૫૩માં વર્ષમાં પ્રવેશ કરશે. વેસ્ટન એગ્રીસીડ્સના મેનેજીંગ ડીરેક્ટર શ્રી એન.પી. પટેલ ગુજરાત રાજય બીજ ઉત્પાદક ફેડરેશન, રાષ્ટ્રીય બીજ ઉત્પાદક એસોસીએશનમાં સક્રીય નેતૃત્વ કરે છે. આ ઉપરાંત શહેરની કલા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યુ છે. શહેરની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા 'કલા ગુર્જરી'ના પ્રમુખ તરીકે પ્રશંસનીય યોગદાન આપે છે. સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ ટ્રસ્ટ, અન્નપૂર્ણા ધામ, પ્રાગદાસ બાપાની વાડી જેવી સામાજિક-સેવાકીય પ્રવૃત્તિઓના એન.પી. હંમેશા અગ્રેસર રહે છે. આ ઉપરાંત પૂજ્ય પ્રાગદાસ બાપાના સ્મરણાર્થે અનેક સેવાકીય પ્રકલ્પો તેઓ આયોજે છે.

## એકાત્મ માનવદર્શન વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદ

ગાંધીનગર, તા. ૨૮

બાળ વિશ્વ વિદ્યાલય અને ભારતીય વિચાર મંચ દ્વારા 'એકાત્મ માનવદર્શન, સામાજીક શૈક્ષણિક અને આર્થિક પરિપ્રેક્ષ્ય' વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજવામાં આવશે.

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સભાગૃહ ખાતે આગામી ૯ ઓગસ્ટ રવિવારના રોજ સવારે ૯.૩૦ વાગે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા શિક્ષણમંત્રી, ગુજરાત રાજયની ઉપસ્થિતિમાં યોજાશે. કાર્યક્રમનો શુભારંભ રાજયના ગવર્નર ઓમપ્રકાશ કોહલીના હસ્તે કરાશે. ચારસત્રમાં અલગ અલગ વિષય પર વકતવ્ય પુરું પાડવામાં આવશે. પ્રથમ સત્રમાં સામાજીક પરિપ્રેક્ષ્ય વિષય પર ડૉ. મહેશચન્દ્રજી શર્મા, શૈક્ષણિક પરિપ્રેક્ષ્ય વિષય પર વાસુદેવજી પ્રજાપતિ, આર્થિક પરિપ્રેક્ષ્ય વિષય પર બજરંગલાલજી ગુપ્તા અને છેલ્લા સમાપન સત્ર યોજાશે.

## સોજા હાઈસ્કુલે મિસાઈલ મેન ડૉ. કલામને શ્રધ્ધાંજલિ અર્પી

ગાંધીનગર, તા. ૨૮

કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા 'શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ સોજા'ના ઉપક્રમે આજ રોજ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને મિસાઈલ મેન તરીકે ખ્યાતનામ ડૉ. અબ્દુલ કલામને અનોખી શ્રદ્ધાંજલિ અર્પણ કરવા તેમજ તેમના અમરત્વને આજીવન-ચિરંજીવ પ્રસ્થાપિત કરવા તેમની યાદમાં એક વટ વૃક્ષ રોપવામાં આવ્યું હતું. શાળાની સાયન્સ કલબના બાળકોએ સદર વૃક્ષના રક્ષણ-જતન માટે કટિબદ્ધ હોવાની ખાતરી ઉચ્ચારી હતી. શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક



રાકેશ પ્રજાપતિએ સમર્થ વૈજ્ઞાનિક ડૉ. અબ્દુલ કલામના જીવન વૃતાંત અને વિરલ સિદ્ધિઓની રોચક ઝલક રજૂ કરી હતી. વરસતા વરસાદમાં વટવૃક્ષના વાવેતર ઉપરાંત જાહેર શોકસભાનું આયોજન એકંદરે સુંદર, સુવ્યવસ્થિત, અનુકરણીય, આવકાર્ય અને પ્રશંસનીય બની રહ્યું હતું એમ એક અખબારી યાદીમાં શાળાના આચાર્ય ભાવેશભાઈએ જણાવ્યું છે.

શાળાની 'રાહી ઈકો કલબ', બાળ ઊર્જા રક્ષક દળ, રાષ્ટ્રીય સેવા યોજના, એન.સી.સી., ગણિત-વિજ્ઞાન મંડળ અને સ્કાઉટ ગાઈડના બાળકો દ્વારા આજ રોજ સ્વયંભૂ શાળા ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

સારસ્વત મિત્રો અને અધ્યેતા ભાઈ બહેનો દ્વારા સ્વ. કલામને હાર્દિક શ્રદ્ધાંજલિ અને સાચી પ્રતિકાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## પાણીમાં તરફડીયા મારતુ તાજુ જન્મેલુ વાછરડુ બચાવી લેવાયું..!

ગાંધીનગર, તા. ૨૮

શહેરના સેક્ટર-૨૪ ચંદ્ર ફોટો સ્ટુડીયો નજીક આજે સવારે ધોધમાર વરસાદમાં ગાયે વાછરડાને જન્મ આપ્યો હતો. તાજુ જન્મેલુ વાછરડું પાણીમાં પડી રહ્યું હતું અને તરફડીયા મારી રહ્યું હતું જો કે આ વાછરડા પર રાહદારીઓનું ધ્યાન પડતાં જીવદયા પ્રેમીઓનો સંપર્ક કર્યો પરંતુ કોઈ ફરક્યુ નહીં અંતે ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરાતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ લઈને રેસ્ક્યુ સાધનો તથા એમ્બ્યુલન્સ વાન સાથે પહોંચી ગયા હતા. વાછરડાને ઉઠાવીને ત્યાંથી નજીકના એક ખાલી બ્લોકમાં લઈ જઈ બચાવી લીધુ હતું.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં 'ઈન્વેસ્ટીચર સેરેમની' યોજાયો



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ઈન્વેસ્ટીચર સેરેમની યોજાયો હતો. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓનું નેતૃત્વ કરતા હેડબોય, હેડગર્લ, સ્પોર્ટસ કેપ્ટન અને હાઉસ કેપ્ટન્સને સમારંભમાં સન્માની તેમનામાં નેતૃત્વના ગુણો વિકસાવવા તથા તેમનો ઉત્સાહ વધારવાનો હતો. આ વખતે ગૃપમાં કંઈક નવીનીકરણ લાવવામાં આવ્યું હતું.

આ નવીનીકરણ એટલે દેશના મહાન તેમજ પ્રેરણાદાયી ચરિત્રોના જેમ કે ગૌતમ બુધ (ગ્રીન હાઉસ), આઈઝેક ન્યુટન (બ્લુ હાઉસ), પંડિત જવાહરલાલ નહેરુ (યલો હાઉસ), સ્વામી વિવેકાનંદ (રેડ હાઉસ) એ પ્રમાણે નામ દરેક હાઉસને આપવામાં આવ્યા છે. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને મળેલી નેતૃત્વની જવાબદારીનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે સફળ નેતૃત્વ અને સુશિસ્ત માટે શુભેચ્છા પણ પાઠવી હતી. ઈન્વેસ્ટીચર સેરેમનીમાં મોટી સંખ્યામાં વાલીગણ, શિક્ષકો અને સ્કૂલ મેનેજમેન્ટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

## વાત વાતમાં...

- ગાંધીનગરમાં પહેલીવાર એક સાથે આટલી મોટી સંખ્યામાં વૃક્ષો ધરાશાયી થતા પર્યાવરણ પ્રેમીઓમાં ભારે નિરાશાનો માહોલ છવાયો.
- નગરની તમામ શાળા કોલેજોએ બંધ પાળી મિસાઈલ મેન ડૉ. એપી.જે. અબ્દુલ કલામને શ્રધ્ધાંજલી અર્પિત કરી હતી.
- ગાંધીનગરના ઈન્દુબેન નિમાવતને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એપી.જે. અબ્દુલ કલામના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત થયો હતો તેને જીવનની ધન્ય ઘડી ગણાવતા ઈન્દુબેન ભાવવિભોર થયા હતાં.
- ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના નવા મકાનની લૉબીમાં વરસાદી પાણી ફેલાવાના કારણે સિરામિક ટાઈલ્સવાળી લીસ્સી ફર્શ પર એક દર્દી સહિત પાંચથી છ મુલાકાતીઓ આજે સ્લીપ ખાઈ ગયા હતાં.
- ૧૭/૨૨ના બસ સ્ટેન્ડ પાસે ફેમિલી કોર્ટના પ્રિન્સિપાલ જજની ઈનોવા કાર પર વૃક્ષ પડયું હતું. જેનાથી કારને નુકશાન થવા પામ્યું હતું.
- સે-૧૧માં શાલીન કોમ્પ્લેક્ષની પાસે નવી નક્કોર કાર પર મોટું વૃક્ષ પડયું હતું.

**- સમીર રામી**
**૯૯૨૪૪૪૬૬૪૫**

## જાહેર રજા મામલે વિદ્યાર્થીઓ-કર્મચારીઓ અવઢવમાં રહ્યા..!

મીશાઈલ મેન ડૉ. અબ્દુલ કલામની વિદાયથી દેશ આખો શોકમગ્ન રહ્યો..! સોશ્યલ મીડીયા પર રાતથી જ મેસેજ ફરતા થઈ ગયા હતા કે પ્રધાનમંત્રીએ ડૉ. કલામના માનમાં જાહેર રજા ઘોષિત કરી છે. જો કે કોઈ જ સત્તાવાર જાહેરાત થયેલી ન હોવાથી સરકારી તંત્રો, વિદ્યાર્થીઓ-કર્મચારીઓ ઉપરાંત અધિકારીઓ પણ આખો દિવસ અવઢવમાં રહ્યા હતા. જાહેર રજા બાબતે ખાત્રી કરવા પ્રેસ-મીડીયાની કચેરીઓમાં સતત ફોન રણક્યા હતા. તો બીજી તરફ કેટલાય કર્મચારીઓએ રજા જ મુકી દીધી હતી..!

## વરસાદી માહોલમાં નગરજનોએ ચ્હાની રંગત માણી



સતત ત્રણ દિવસથી વરસતા ધોધમાર વરસાદને પગલે ગાંધીનગરમાં ઠેર-ઠેર 'ચા'ની લારીઓ અને કીટલીઓ ઊભરાઈ ગઈ હતી જયારે ગરમાગરમ નાસ્તાની લારીઓ પર પણ ભારે ભીડ જોવા મળી હતી. ગાંધીનગર સહિત જિલ્લાભરમાં છેલલા ત્રણ દિવસથી વરસાદ મન મૂકી વરસી સહ્યો છે. વરસાદે પોતાનું રૌદ્ર સ્વરુપ ધારણ કરતા રહિશો અને નગરજનો એ ઘરમાં પુરાઈ રહેવાનો વારો આવ્યો હતો. આજે સાંજે મેઘરાજાએ થોડો વિરામ લેવા જ નગરજનો; યુવાનો અને વરસાદની મજા લેવા બહાર નીકળેલા લોકોએ વરસાદ અને ઠંડકના વાતાવરણમાં 'ચા'ની દુકાન પર ગરમાગરમ ચાની ચૂસકી અને ગરમાગરમ ગોટાની મજા લેતા નજગરે પડ્યા હતા.

**તસ્વીર : દિલીપ પ્રજાપતિ**

## નાથીબા કોલેજમાં ઈંગ્લિશ ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૨૩ ઉમા આર્ટસ એન્ડ નાથીબા મહિલા કોલેજમાં અંગ્રેજી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. નાથીબા કોલેજમાં ગત ૨૫ જુલાઈ શનિવારે ઈંગ્લિશ દિવસ ઉજવાયો હતો. ધ વર્લ્ડ ઓફ ડ્રામા કથાનક પર યોજાયેલ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી નાટ્યમંચન, નાટ્યવાંચન, પોસ્ટર પ્રેઝન્ટેશન, બાયોગ્રાફી પ્રેઝન્ટેશન, ચાર્ટ પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતુ. જેમાં એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની ખુશ્બુ નાયકે 'મેકબેથ' અંકિતા રાઠોડ, અંકિતા પટેલે ગીરીશ કર્નાડના નાટક વેડીંગ આલ્બમનું દૃશ્ય ભજવ્યુ હતુ. કાર્યક્રમનું આયોજન અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રા. મિતાબેન શાહ, ડૉ. પ્રણવ જોશીપુરા, પ્રા. હરિત પટેલ, કુ. હિતિક્ષાએ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. કોલેજના આચાર્યએ પાર્થ જોશીને શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગુજરાત રાજ્ય કર્મચારી સંકલનના નવીન કાર્યાલયનો શુભારંભ

### ભગવાન સત્યાનારાયણની કથા યોજી : તમામ કર્મચારી મંડળો ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિના કાર્યાલયનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. શુભારંભ પ્રસંગે કાર્યાલયમાં ભગવાન સત્યનારાયણ કથા યોજવામાં આવી હતી.

જૂના સચિવાલય બ્લોક નં. ૧૩ ગ્રાઉન્ડ ફ્લોર પર આજે ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિના નવીન કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સવારે ૧૧.૦૦ વાગે શુભારંભ બાદ કાર્યાલયમાં ભગવાન સત્યનારાયણની કથા કરવામાં આવી હતી.



મોટી સંખ્યામાં કર્મચારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગુજરાત રાજય કર્મચારી મંડળ, સચિવાલય પરિવાર, ન્યાયાલય કર્મચારી મહામંડળ, પંચાયતના વિવિધ કર્મચારી મંડળો, મ્યુ. કોર્પોરેશન મહાસંઘ, વર્ગ-૪ કર્મચારી મહામંડળ, રેવેન્યુ કર્મચારી મહામંડળ, એન્જીનીયર એસોસીએશનના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કર્મચારીઓએ ભગવાન સત્યનારાયણનો પ્રસાદ ગ્રહણ કરી બેઠક યોજી હતી.

# નગરમાં પવન સાથેના ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

ગાંધીનગર, તા. ૨૮

નગરનાં શુક્રવાર સમી સાંજથી શરુ થયેલા વરસાદે ધીમે ધીમે ઝડપ વધારી દીધી છે. સતત પાંચ દિવસથી અનરાધાર વરસી રહેલા વરસાદ સાથે સોમવાર સાંજથી સુસવાટા મારતા પવનો પણ શરુ થઈ જતાં ભયાનક માહોલ ઊભો થઈ ગયો છે. જેથી મોટા ભાગના વ્યાપાર-ધંધા બંધ રહ્યા હતા અને શાળા-કૉલેજોમાં પણ રજા પડી ગઈ હતી જેથી વરસાદ ચોતરફ ઘેરી લેતાં જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે અને લોકોએ ઘરમાં જ રહેવું હિતાવહ માન્યુ છે જેથી સમગ્ર નગર વરસાદી વાતાવરણમાં સુમસામ ભાસી રહ્યું છે.

નગરમાં જાણે કે અતિવૃષ્ટિના એંધાણ ઊભા થયા હોય તેમ પાંચ દિવસથી એકધારો શરુ થયેલો વરસાદ બંધ થવાનું નામ ન લેતાં આતુરતાપૂર્વક જેની રાહ જોતા હતા તેવા મેઘા ખમૈયા કરવા લોકો કહી રહ્યા છે. સોમવારસાંજથી તેજ પવનો સુસવાટા મારતા વરસાદ સાથે ભળી જઈ નગરમાં ભયાનકતા પૈદા કરી દીધી છે. ઝડપી પવનો એ માર્ગો ઉપર અનેક વૃક્ષોને ધરાશાયી કરી દીધા છે. જેથી માર્ગો પણ બંધ કરી દેવા પડ્યા છે. આ તમામ





પાસાઓને ધ્યાને લઈ નગરજનો ઘરની બહાર ન નીકળવાનું મુનાસીબ માન્યું છે. જેથી નગરના માર્ગો સુમસાન બની ગયા છે. વધુમાં વ્યાપાર ધંધા પણ આવા ભારે વાતાવરણમાં બંધ રહ્યા છે અને શાળા કૉલેજોમાં પણ આવા ભારે વાતાવરણમાં બંધ રહ્યા છે અને શાળા-કૉલેજોમાં પણ વાલીઓએ પોતાના સંતાનોને ન મોકલતા રજા જેવો માહોલ થઈ ગયો છે.

સર્વત્ર જળબંબાકારની સ્થિતિથી નગરનો ખૂણેખૂણો પાણી-પાણી થઈ ગયો છે. અનેક સ્થળોએ પાણી ભરાઈ જવાથી તળાવ જેવી સ્થિતિ સર્જાઈ છે. આ પરિસ્થિતિમાં ગૃહિણીઓની હાલત કફોડી બની છે. જીવન જરુરી ચીજવસ્તુઓની ખરીદી થઈ શકતી નથી. ઘરની બહાર નીકળી શકાતું નથી. કપડાં સુકાતા નથી વગેરે બાબતોથી ત્રસ્ત જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. દૈનિક દિનચર્યામાં અખબાર, દૂધ, શાકભાજીનું વિતરણ કરતા વેચાણકર્તા પણ સમયસર કામકાજ કરી શકતા નથી. આમ અનરાધાર વરસાદથી શરુ થયેલી હેલીએ નગરને ઢંઢોળી નાખ્યું છે. તંત્ર દ્વારા અગમચેતી રખાઈ રહી છે. પરંતુ કુદરતની આ લીલાને સમજવી અઘરી બનાતા પામર જીવ અકળાઈ ઉઠ્યા છે.

**(તસ્વીર : ધર્મેન્દ્ર મહેતા)**

## ચિરવિદાય

- સ્વ. બળવંતસિંહ જેસંગજી ગોલ (ઉ.વ.૫૦) ગામ - વાવોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. હિરાજી નાથાજી ડાભી (ઉ.વ.૬૦) મુ. બાબરા જૂના, તા. દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. જીવતબેન ભલાજી ઠાકોર (ઉ.વ.૧૦૫) ગામ - પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ભાલચંદ્ર માણેકલાલ પંડ્યા (ઉ.વ.૮૧) પ્લોટ નં. ૭૨, સત્યમ સોસાયટી, માણસા, જી. ગાંધીનગર
- સ્વ. મંગળભાઈ ઈશ્વરભાઈ પટેલ (ઉ.વ.૮૦) મુ. રામનગર (પીલવાઈ), તા. વિજાપુર, જી. મહેસાણા,
- સ્વ. સવિતાબેન નંદલાલ રાવલ (ઉ.વ.૭૫) બ્લોક નં. ૧૨/૫૬, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. અગરસિંહ બબસિંહ રાઠોડ (ઉ.વ.૭૦) મુ. બોભા, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા